ગાંધીનગર સમાચાર



# બાયડનો "કાનો" ઝાંઝરીમાં જઈ આવ્યો, મનભાવતું ભોજન ન મળતાં પગ પછાડી ભાગ્યો

## ચોમાસામાં 'તેતર' મળવાં મુશ્કેલ !!

હિંમતનગર, તા. ૩૦

બાયડનો કાનો ચોમાસાની મદમસ્ત મોસમમાં ઝાંઝરી પહોંચ્યો પરંતુ મનભાવતું તેતરનું ભોજન નથી બન્યુ તેવું જાણવા મળતાં પગ પછાડીને ભાગ્યો હોવાની વહેતી થયેલી લોકચર્ચાએ અનેકને આવી બાબતોમાં રસ-રૂચીનું મનોરંજન પુરૂ પાડ્યું છે.

બાયડના પ્રાકૃતિક ધામ ઝાંઝરી માટે ભલે તાલુકા-જિલ્લાની પ્રજાને જોઈએ તેટલો લગાવ ન હોય પરંતુ દૂરના જિલ્લાના સહેલાણીઓ માટે ઝાંઝરી આજે પણ આકર્ષણનું કેન્દ્ર બન્યુ છે. પરંતુ બાયડ તેમજ પંથકના કેટલાક લોકોએ ઝાંઝરીને પાર્ટી માટેનું સ્થળ બનાવી દીધું છે. વાત જાણે એમ છે કે શ્રાદ્ધ પક્ષમાં દરેક પોતાના પિતૃઓને તૃપ્ત કરવાના પ્રયાસ કરતા હોય છે. ઘેર ઘેર પિતૃઓની તિથી મુજબ કાગવાસ કરવામાં આવે છે. કોઈ શાળાઓમાં બાળકોને સામુહીક ભોજન કરાવે તો કોઈ ગરીબ પરીવારને ભોજન કરાવે છે. પરંતુ બાયડનો કાનો શ્રાદ્ધ પક્ષમાં અગાઉથી નિર્ધારીત કાર્યક્રમ મુજબ ઝાંઝરી પહોંચ્યો જ્યાં કોઈ વધુ અવરજવર ન હોય ત્યાં મનભાવતા ભોજનની તૈયારી માટે આગોતરૂ આયોજન હતુ. ધીમા ધીમા પવન અને કાળા ડિબાંગ વાતાવરણ વચ્ચે ચૂલો પ્રગટ્યો, ભોજન પણ તૈયાર થયું પરંતુ કાનાને પસંદ એવુ ભોજન ન હોવાથી કહેવાય છે કે ઉશ્કેરાઈને પગ પછાડી ભાગ્યો હતો... પછી વાત એવી હતી કે તેતરનું ભોજન કરવાનુ હતુ પરંતુ શિકારી તેમાં વિફળ રહ્યો અને તેતર ન મળતાં સાદુ શાક બન્યુ અને ભોજનમાં ભંગ પડ્યો...આજકાલ ઝાંઝરી પંથકમાં રાંધેલા ભોજન રઝળ્યાની વાતો ઝડપથી પ્રસરી રહી છે.

# જિલ્લામાં ટ્રાફિક સંચાલનની કામગીરી કરનારા ટી.આર.બી. પોલીસના વહીવટદાર બન્યા

### પોલીસની પોલ જાણતાં નોકરીમાં અનિયમીતતા સામે આંખ આડા કાન શરૂ : બપોર થતાં તમામ ટ્રાફીક પોઈન્ટ નધણિયાત બનવા લાગ્યા

બાયડ, તા. ૩૦

જિલ્લામાં ટ્રાફિક સંચાલનની કામગીરી માટે મુકાયેલા ૩૦૦ થી વધુ ટી.આર.બી. પૈકી કેટલાક ચકોર રોજમદાર પોલીસની વહીવટદાર બન્યાની લોકચર્ચા છે. પોલીસની પોલ જાણતાં નોકરીમાં અનિયમીતતા સામે આંખ આડા કાન શરૂ થયા છે. જ્યારે બપોર થતાં તમામ ટ્રાફિક પોઈન્ટ નધણિયાત બનવા લાગ્યા છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના શહેરી તથા તાલુકા મથકના વિસ્તારોમાં ટ્રાફિકના સુચારૂ સંચાલન માટે જિલ્લા પોલીસ કચેરીના નિર્દેશ હેઠળ ટી.આર.બી.ની દૈનિક ૩૦૦ રૂ. ના વેતનથી નિયુક્તી થઈ છે. પરંતુ દરરોજ સવાર-સાંજ હિંમતનગર-ઈડર-બાયડ-મોડાસા-ધનસુરા-ભિલોડા-તલોદ-પ્રાંતિજ-ખેડબ્રહ્મામાં ટ્રાફિક સમસ્યા વકરી રહી છે. ટી.આર.બી. જવાનો માટે ફરજનો સમય નિયત કરાયો છે અને ટ્રાફિકની કામગીરી કરતા કેટલાકને શરમ આવતી હોય તેમ ચાની કીટલી-ગલ્લા પાસે ટેબલ ઉપર ચીટકીને સવાર-સાંજ સુધી બેસી રહે છે. ટ્રાફિક જામ થયો હોય તો પણ ઉભા થવાની તસ્દી લેવાતી નથી. સ્થાનિક ટ્રાફિક પોલીસને તેમને તેમની હાજરી કેટલા વાગે ફરજ ઉપર આવ્યા, કેટલા વાગે રવાના થયા તેની તમામ વિગતો રાખવાની હોય છે પરંતુ બન્ને જિલ્લામાં ઉબાળીયું થઈ રહ્યુ છે. એક રીતે રાજ્ય સરકારના ટ્રાફિક નિયમન અંગેની ગ્રાન્ટનો કેટલાક શહેરી વિસ્તારોમાં સદંતર દૂર ઉપયોગ થતો હોવાનું જાણવા મળેલ છે. કેટલાક ટી.આર.બી. શહેરી વિસ્તારમાં ડ્યુટી બોલતી હોય ત્યારે ગામડાઓમાં ડ્રેસ પહેરી લટાર મારતા જોવા મળે છે. જેથી ટી.આર.બી.ને પોલીસે વહીવટદારની નવી જવાબદારી સોપ્યાની લોક ચર્ચા છેડાઈ છે. જિલ્લામાં ટ્રાફિક સમસ્યાથી પીડીત વેપારીઓ-વાહનચાલકો દ્વારા ટ્રાફિક નિયંત્રણ કરનારા ટી.આર.બી.ની નિષ્ક્રીયતાના ફોટા લઈ જિલ્લા પોલીસ વડા તથા રેન્જ આઈ.જી.ને મોકલવાનો નિર્ણય કર્યાનું જાણવા મળેલ છે.

### દર મહીને ૯૦ હજારનો ધુમાડો, પરિણામ શૂન્ય

જિલ્લામાં ટ્રાફિક નિયંત્રણ માટે નિયુક્ત કરેલા ૩૦૦ જેટલા ટી.આર.બી.ને વર્ષે ૯૦ હજારનું મહેનતાણું ચૂકવાય. છે છતાં ટ્રાફિકની સમસ્યામાં કોઈ સુધારો જણાતો નથી. જ્યારે પોલીસ અડચણરૂપ વાહનોનું ટોઈંગ ભુલીને શટલીયાં વાહનો પાસેથી ઉઘરાણું કરી અત્યારથી જ દીવાળીની તૈયારી કર્યાની ગરમાગરમ લોકચર્ચાએ જોર પકડ્યું છે.

# ધો. ૧ થી ૫ સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષણ કાર્ય બંધ

## જિલ્લાની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધો. ૧ થી ૫ નું શિક્ષણ ધમધમ્યાની ફરીયાદ : ડી.પી.ઓ. સુધી ફરીયાદ, તપાસ કરનાર ટી.પી.ઓ.એ મામલો દબાવ્યાની ચર્ચા

હિંમતનગર, તા. ૩૦

કોરોનાની ઉજી લહેરની સંભાવનાથી રાજ્ય સરકાર દ્વારા ધો. ૧ થી ૫ નું પ્રત્યક્ષ શિક્ષણ હાલ શરૂ નહી કરવાનો નિર્ણય કર્યો છે. પરંતુ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની કેટલીક ખાનગી પ્રા. શાળાઓમાં ધો. ૧ થી ૫ નું પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયાની સાથે એકમ કસોટી પણ શરૂ થઈ છે તેવી ફરીયાદ અરવલ્લી જિલ્લા પ્રા.શિ. સમિતિ સમક્ષ થયા પછી તપાસનો આદેશ અપાયો પરંતુ ટી.પી.ઓ.એ ખાનગી શાળાના પ્રભાવમાં આવી મામલો દબાવ્યાની ચર્ચા છે.

જિલ્લામાં ધો. ૬ થી ૧૨ની સરકારી, ગ્રાન્ટેડ, સ્વનિર્ભર શાળાઓમાં એસ.ઓ.પી. આધારે શિક્ષણકાર્ય શરૂ થયુ છે જ્યારે ધો. ૧ થી ૫ ની શાળાઓમાં દિવાળી પછી શિક્ષણકાર્ય શરૂ થવાની ધારણા છે પરંતુ સાબરકાંઠા-અરવલ્લીના કેટલાક ખાનગી શાળા સંચાલકોએ સરકારના નિયમોને અવગણી ધો. ૧ થી ૫ ના બાળકો માટે પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરી બાળકોનું આરોગ્ય જોખમમાં મુકી રહ્યાની ફરીયાદ છે. શિક્ષણકાર્ય તો ઠીક પરંતુ પરીક્ષા પણ યોજાઈ રહી હોવાનો ગંભીર ફરીયાદમાં ઉલ્લેખ થતાં તંત્ર અંદરખાને દોડતું થયુ છે. સરકારી પ્રા. શાળાના શિક્ષકોનો ચોમાસા દરમ્યાન શેરી શિક્ષણ આપવાની ફરજ પાડવામાં આવે છે અને સ્કૂલ ઈન્સ્પેક્ટરો દ્વારા તપાસ પણ થાય છે તો પછી ખાનગી શાળાઓ માટે શિક્ષણ વિભાગની અધિકારીઓને આટલો બધો પ્રેમ ઉભરાયો છે તે કેટલાક વાલીઓને સમજાતુ નથી. ખાનગી શાળાઓમાં ધો. ૧ થી ૫ ના બાળકોને બોલાવાતાં કેટલાક વાલીઓ અંદરખાને ખુશ છે કેટલાક વાલીઓ નાખુશ છે, પરંતુ કોરોના સંક્રમણના ભયના કારણે ખાનગી શાળાના સંચાલકોએ પણ પરીપકવતા દેખાડવાની જરૂર છે.

### ફરીયાદ મળી છે, તપાસ કરાવી છે : ડી.પી.ઓ.

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિનો સંપર્ક કરતાં જણાવ્યુ કે ખાનગી શાળામાં ધો. ૧ થી ૫ ના બાળકોની પરીક્ષા યોજાય છે તેવી ફરીયાદ મળી હતી અને તપાસ કરાવી છે. જો પરીક્ષા યોજાઈ હશે તો પગલાં ભરાશે તેમ ડી.પી.ઓ.એ જણાવ્યુ છે.

# ૪થી ઓક્ટોબરે જિલ્લાકક્ષાનો એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

બાયડ તા.૩૦

મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંગેની સમીક્ષા બેઠક જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી. જેમાં રોજગારી સર્જન કરતા લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે આ ભરતી મેળામાં નિર્ધારિત ટાર્ગેટ પુરો કરીને સુંદર પ્રદર્શન કરવા જિલ્લા કલેકટરે જણાવ્યું હતું અને અનુબંધમ પોર્ટલ પર ચોક્કસ લક્ષ્યાંક મુજબ એન્ટ્રી કરીને વધુમાં વધુ યુવાનોને રોજગારી જિલ્લામાં આવેલ ખાનગી, સરકારી, અર્ધસરકારી સેક્ટરમાં લોકોની એપ્રેન્ટીસ યોજના થકી જે આર્થિક સહાય મળે છે તેનો લાભ લેવા ઉપર ભાર મૂક્યો હતો. વ્યવસાયિક માલિકોને બોજો હળવો થાય અને લોકોને ઘર આંગણે રોજગારી મળી રહે તેવો શુભ આશય આ યોજનામાં સમાયેલો છે.

આ સંદર્ભમાં આગામી ૪ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ ભારત સરકારની એપ્રેન્ટીસ યોજના અને રાજ્ય સરકારની મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજનાનું સંકલન અને સંયુક્ત ઉપક્રમે હિંમતનગર આઈ.ટી.આઈ ખાતે એક મેગા જોબ ફેર ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભૂસ્તરશાસ્ત્રી, જી.આઈ.ડી.સી., જિલ્લા રજીસ્ટાર,

● અનુસંધાન પાના - ૭ પર

# ભગવાન વિષ્ણુ શામળીયાના દર્શન- આશીર્વાદ મેળવી જન આશીર્વાદ યાત્રાનો પ્રારંભ કરતાં રાજ્યમંત્રી કુબેરભાઈ ડીંડોર

ભિલોડા,તા.૩૦

શામળાજી મંદિર ટ્રસ્ટના અગ્રણીઓ અરવલ્લી ભાજપ સંગઠનના હોદ્દેદારો કાર્યકર્તાઓ દ્વારા મંત્રીને ખેસ, પાઘડી, ભગવાન વિષ્ણુની પ્રતિમા આપી ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું: યાત્રામાં આદિવાસી નેતાઓ સંસ્થા અગ્રણીઓ પ્રબુદ્ધ નાગરિકો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું. યાત્રાને ઠેર-ઠેર આવકાર અને અભિવાદન

ગુજરાત રાજયમાં આરંભાયેલી જન આશીર્વાદ યાત્રામાં રાજયના મંત્રીઓને ફાળવેલા વિસ્તારમાં લોકોની વચ્ચે જઈ ને સંપર્ક સેતુ રચવા અને લોકોની રજૂઆતો અને મુશ્કેલીઓ સાંભળવા સરળ રીતે હલ કરવા અને લોકોની આશા અપેક્ષાઓ જાણવા સમજવા માટે કેબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રી ઓને રાજયના અલગ અલગ જિલ્લાઓમાં ત્રિ-દિવસીય યાત્રામાં સામેલ થવાના આદેશ કરાતાં સ્થાનિક ભાજપ સંગઠન કાર્યકર્તાઓ અગ્રણીઓ અને જિલ્લાના મહત્વના સ્થળો અને વિસ્તારોમાં યાત્રા દ્વારા મંત્રીઓ લોકોનું અભિવાદન ઝીલે તેમનો પરીચય કેળવે અને તેમની સમસ્યાઓને સમજવાના પ્રયાસના ભાગરૂપે આજે રાજ્ય કક્ષાના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી કુબેરભાઈ ડીંડોરને ફાળવેલ દાહોદ, મહીસાગર અને અરવલ્લી જિલ્લા પૈકી આજે અરવલ્લી જિલ્લાના ગીરીકંદરામાં આવેલ ભગવાન શ્રી વિષ્ણુ શામળાજી મંદિર ખાતે ભગવાન શામળિયાના દર્શન કરી શીશ નમાવી કાળીયા ઠાકરના આશીર્વાદ મંત્રીએ મેળવ્યા હતા.મંદિરના ટ્રસ્ટીઓ અગ્રણીઓ દ્વારા તેમનું ભગવાન વિષ્ણુની પ્રતિમા આપી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે અગ્રણીઓ ભાજપ સંગઠનના હોદ્દેદારો,કાર્યકર્તાઓ પણ મંદિરમાં ભગવાન વિષ્ણુના દર્શન કર્યા હતા. ૧૦:૩૦ કલાકે મંદિરમાં દર્શન કર્યા બાદ મંત્રીશ્રીએ સર્કિટ હાઉસ શામળાજી ખાતે પહોંચ્યા હતા અને ૧૨:૦૦ વાગ્યે મહુડિયા ડેરા તાલુકો ભિલોડા ખાતે જાહેર સભાને સંબોધન કર્યુ હતું. તાલુકાના પદાધિકારીઓ સંગઠનના લોકો, અને અગ્રણીઓ દ્વારા અભિવાદન ઝીલ્યું હતું. ભિલોડા પાસે આવેલ જુના ભવનાથ મંદિરે દર્શન પૂજા અર્ચના કરી બપોરે એ.પી.એમ.સી ભિલોડા ખાતે પુનઃ અભિવાદન ઝીલ્યું હતું.યાત્રા દરમિયાન તેમને ઠેરઠેર આવકાર અને નવનિયુક્ત મંત્રી બનવા બદલ સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી.આદિવાસીઓ દ્વારા પરંપરાગત વેશભૂષામાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.પ્રથમ મુલાકાતથી હર્ષની લાગણી વ્યક્ત કરી હતી મંત્રી ડીંડોર બપોર બાદ ફરી શામળાજી સર્કિટ હાઉસ ખાતે આવી પહોંચ્યા હતા અને સાંજે ૪:૦૦ કલાકે ભિલોડા તાલુકાના ખિલોડા ખાતે આવી પહોંચતા શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ, સંગઠનના કાર્યકર્તાઓ, સરપંચો અને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના સદસ્યો દ્વારા ખેસ પહેરાવી પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી સ્વાગત સન્માન કરીને આનંદ વ્યક્ત કર્યો હતો.



# અરવલ્લીના શામળાજી ખાતે મંદિર પરિસર, રસ્તાઓ અને સમગ્ર વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરાયું

મોડાસા તા.૩૦

સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૧લી થી ૩૧ ઓક્ટોબર સુધી પુજય મહાત્મા ગાંધીજીનો સ્વચ્છતાનો સંદેશ ફેલાવાશે. જેમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સ્વચ્છ ભારત મિશન તા. ૧ ઓક્ટોબર થી ૩૧ ઓક્ટોબર સુધી અલગ અલગ કાર્યક્રમો દ્વારા સ્વચ્છ ભારત મિશન જનભાગીદારી દ્વારા અમલી બનાવવામાં આવશે.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાને સ્વચ્છ બનાવવાના હેતુથી શામળાજી ખાતે મંદિર પરિસર, રસ્તાઓ અને સમગ્ર વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરાયું. જેમાં શામળાજીના અનેક સ્થળો પર સ્વચ્છ અભિયાન ટીમ દ્વારા પડેલ જૂની વસ્તુઓ, કચરો, મોટા પાયે પડી રહેલા પૂંઠાઓનો નિકાલ કરવામાં આવ્યો. તેમજ સ્વચ્છ ભારત મિશનને સાકાર કરવાના સપનાને લઈને શામળાજીમાં જુદા-જુદા સ્થળોએ વૃક્ષારોપણ પણ કરાયું હતું.

ભારતના ૨.૫૦ લાખ ગામડાઓ અને ૭૪૪ જિલ્લાઓમાં નહેરુ યુવા કેન્દ્ર સંગઠન અને એન.એસ.એસ વિધાર્થીઓ દ્વારા ઘેર-ઘેર પહોંચીને કચરો અને પ્લાસ્ટીક એકઠુ કરવામાં આવશે. આ સાથે જળસ્ત્રોતોની સાફ સફાઈ પણ કરવામાં આવશે. ગામડાઓના બ્યુટીફીકેશનનું કામ કરવામાં આવશે તેમજ હેરિટેજ સાઈટની પણ સાફ સફાઈ કરવામાં આવનાર છે.



યાત્રાધામો, શૈક્ષણિક સંકુલો, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, નેશનલ હાઈવે, સ્થાપત્યો, મંદિરો ધાર્મિક સ્થળો હોસ્પિટલ અને પિવાના પાણીના સ્ત્રોતોની પણ સાફ સફાઈ કરવામાં આવનાર છે. આ ૩૧ દિવસ દરમિયાન સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ઘેર ઘેર સ્વચ્છતાનો સંદેશો ફેલાવી દેશના છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું કામ જિલ્લા કલેકટરશ્રીઓ તેમજ સ્થાનિક નગરપાલિકા, શહેરી વિસ્તારો દરેક શેરી મહોલ્લાની જગ્યાએ યુવાનો દ્વારા ખાસ અભિયાન ચલાવીને જાગૃતિ ફેલાવવા પ્રયાસ કરવામાં આવશે. તેમજ કચરો ડોર ટુ ડોર કલેકશન કરીને પધ્ધતિસરનો નિકાલ કરવામાં આવશે જેમાં યુવાનો પ્રબુધ્ધ નાગરિકો સ્વૈચ્છિક સંસ્થાઓ સંગઠનો ચુંટાયેલા પદાધિકારીઓ સ્વચ્છ ભારત મિશનમાં સામેલ થઈ સહયોગ આપવા નમ્ર અપિલ કરવામાં આવી છે.



# આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં સ્કીલ ડેવલપમેન્ટની ટ્રેનિંગ અપાઈ

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં સ્કીલ ડેવલપમેન્ટની ટ્રેનિંગ આપવામાં આવી હતી ગુજરાત સરકારના કે.સી.જી. અંતર્ગત છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ માટે સ્કિલ ડેવલોપમેન્ટ સંદર્ભે ફિનિશિગ સ્કૂલ અંતર્ગત A અને C સેટનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂર્ણાહુતિના દિવસે વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ કેવી રીતે અપાય, સ્પીચ આપવી જેવી પ્રવૃતિઓ યોજી પોતાનો આત્મ વિશ્વાસ વધાર્યો હતો. ટ્રેનિંગ કે.સી.જી.માંથી મોહસીનાબેન ધ્વારા વિદ્યાર્થીઓ ને સ્કીલ ડેવલપમેન્ટની ટ્રેનિગ આપવામાં આવી હતી. પ્રિ.પ્રફુલ્લાબેનના માર્ગદર્શન હેઠળ પ્રો. દીપ્તિબેન નિમાવત, ભારતીબેન ધ્વારા આયોજન કરાયું હતું.

# સાબરકાંઠામાં જન આશીર્વાદ યાત્રાનું ભવ્ય સ્વાગત

## પોલાજપુર - આરસોડિયા - જાદર માં ભવ્ય સ્વાગત - સભા યોજાઈ : રાજ્યકક્ષાના મંત્રી કિર્તીસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા

બાયડ તા.૩૦

રાજયના નવનિયુકત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સંપૂર્ણ મંત્રીમંડળ જન આશીર્વાદ યાત્રા કાર્યક્રમ થકી અહીં તમારા બધાનો આશીર્વાદ લેવા આવ્યો છું રાજ્ય સરકારના શિક્ષણ મંત્રી કિર્તીસિંહ વાઘેલા એ આજ રોજ પ્રાંતિજ તાલુકાના ઘડકન સુખડ ગામે થી જન આશીર્વાદ યાત્રાની શરૂઆત કરી પ્રાંતિજ શહેર માં સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ કરી તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ જયારે યાત્રા હિંમતનગરમાં પ્રવેશતા મોતીપુરા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી હિંમતનગર શહેરના ભાજપના કાર્યકરો દ્વારા તેમનો ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હિંમતનગર તાલુકાના પોલાજપુર ગામે પણ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે મંત્રી કિર્તીસિંહ વાઘેલા જણાવેલ કે, કોઈપણ જવાબદારીઓ એ ભાજપના કાર્યકર્તા માટે વિશેષ મહત્ત્વ રહ્યું છે ભાજપના કાર્યકર્તાને જે જવાબદારી આપવામાં આવે તે ન્યાયપૂર્વક અને નિષ્ઠાપૂર્વક નિભાવે છે ભાજપની સરકારમાં આજે રાષ્ટ્રમાં વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદી, આપણા દેશના લોકલાડીલા ગૃહમંત્રી અમિત ભાઈ શાહ, જે.પી.નડ્ડા જી સહિત આપણા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ જી એ મારામાં જે વિશ્વાસ મૂકી મને પ્રધાનમંડળમાં લીધો જેથી હું તમારા બધાનો અહીં આશીર્વાદ લેવા આવ્યો છું આમ તો આ વિસ્તાર ૨૭ વર્ષથી ભાજપના નેતૃત્વમાં કામ કરી રહ્યો છે તે ગર્વની બાબત છે. અહીં પરબડા શીટ ના આપણા ઉમેદવાર ને તમે જંગી બહુમતથી જીતાડી તમારા વિસ્તારમાં વિકાસના કામોને વધુ વિસ્તારો તેવી હું આપ સૌને અપીલ કરું છું. મંત્રીશ્રી કિર્તીસિંહ વાઘેલા એ વધુમાં જણાવેલ કે, જેમ બુથ સ્તરથી આપણા દેશના ગૃહ મંત્રી તરીકે અમિતભાઈ શાહ કામ કરે છે તેમ આજે આપણા ગુજરાતના પનોતા પુત્ર સામાન્ય પરિવારમાંથી આવતા ઓબીસી સમાજના વડા પ્રધાન નરેન્દ્ર મોદીજી અનેક જનકલ્યાણ દ્વારા છેવાડાના માણસોની ચિંતા કરી અનેક યોજનાઓ લાવ્યા છે તેમ અમે પણ નવા પ્રધાનમંડળમાં યુવાન અને શિક્ષિત કાર્યકર્તાઓને મંત્રીમંડળમાં સમાવેશ કર્યા છે તે ઐતિહાસિક નિર્ણય ભાજપમાં થઈ શકે મારું સન્માન અને સ્વાગત કર્યુ તે તેમે મને આશીર્વાદ આપ્યા હું પણ તેમને વિનંતી કરું છું આ વિસ્તારમાં તમામ મતદારો આપણા ઉમેદવારને જીતાડો તમારો ભાજપ પ્રત્યેનો પ્રેમ-લાગણીને ભાજપના કાર્યકર્તાનું સન્માન છે આપના આશીર્વાદ એ જ ભાજપની તાકાત છે આપના આશીર્વાદ એ મોદી સાહેબને છે તેથી મોદી સાહેબ પણ કહે છે મારી તાકાત એ હિન્દુસ્તાનની પ્રજા છે અહીંનો ઉમેદવાર જીતશે તેથી ગુજરાતના વિકાસ માટે કામ કરી રહ્યા છે તે તમે મહોર મારી કહેવાય મારું સન્માન એ જ ભાજપના કાર્યકર્તા નું સન્માન છે આ પ્રસંગે પોલાજપુર સહિત આજુબાજુના ગામોના અનેક આગેવાનો એ મંત્રીશ્રીનું સ્વાગત સન્માન કર્યું હતું. કેટલાક યુવાનો પણ ભાજપમાં જોડાતાં મંત્રીશ્રી કિર્તીસિંહ વાઘેલા ના હસ્તે ખેસ પહેરાવી આવકાર આપ્યો હતો. આ પ્રસંગે સાસંદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા એ પણ પ્રાસંગિક પ્રવચન કરી રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓની માહિતી આપી હતી તેમજ હિંમતનગર તાલુકામાં, પ્રાંતિજ તાલુકામાં, ઈડર તાલુકાના થયેલા વિકાસના કામોની માહિતી તેમજ કેન્દ્ર સરકાર દ્વારા તથા કામોની માહિતી આપી હતી. આ પ્રસંગે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ કું. કૌશલ્ય કુવરબા પરમાર, સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય, જિલ્લા પંચાયતના પ્રમુખ ધીરજભાઈ પટેલ, જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, મહેન્દ્રસિંહ રહેવર સહિત શહેર તાલુકાના સંગઠનના કાર્યકરો, હોદ્દેદારો હાજર રહ્યા હતા.







### કોમોર્બિડીટીથી વધુ મોત બતાવી દીધા

# અરવલ્લીમાં કોરોના મૃતકના સ્વજનોને સહાય માટે પગે પાણી આવશે

### કોરોનાથી મૃત્યુ છતાં કુટુંબે સાબિત કરવુ પડશે

બાયડ, તા. ૩૦

કોરોનામાં મૃત્યુ પામેલા મૃતકોના પરિવારોને રૂ. ૫૦ હજારની સહાય આપવાની જાહેરાત થઈ પરંતુ અરવલ્લી જિલ્લામાં મૃતકના સ્વજનોને વળતર માટે પગે પાણી આવી જશે કારણ કે કોરોનાની સારવાર દરમ્યાન હોસ્પિટલમાં દર્દીનું મૃત્યુ છતાં કોમોબ્રિડીટીથી મોત બતાવી દેવામાં આવ્યા છે જેથી કોરોનાથી મૃત્યુ છતાં કુટુંબે સાબિત કરવું અઘરૂ પડી શકે છે.

જિલ્લામાં કોરોનાના ખપ્પરમાં અસંખ્ય લોકો આવી જતાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી અવસ્થામાં કોવિડ

● અનુસંધાન પાના - ૭ પર